RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 220 * Date: 02.6.2026,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# પેરિસમાં ફૂટબોલ ચાહકોએ હિંસા આચરી ૨૬૪ કાર ખાક, ૭૮૦ લોકોની ધરપકડ







પેરિસમાં ફૂટબોલ ચાહકોએ હિંસા આચરી ૨૬૪ કાર ખાક, ૭૮૦ લોકોની ધરપકડ

- ફૂટબોલ મેચમાં જીતનો ઉત્સાહ બેકાબઆઠ હજારથી વધુ પોલીસ તૈનાત છતા અતિ ઉત્સાહી લોકોને કાબુ કરવા મુશ્કેલ બન્યું, ૫૭ અધિકારી ઘાય- એફિલ ટાવર સહિતના પ્રખ્યાત સ્થળોએ હજારો લોકો એકઠા થયા, સળગતી કારો પર નાચ્યા, પોલીસ પર ફટાકડા ફેંક્યપેરિસઃ પેરિસમાં ફૂટબોલ ખેલના ચાહકો અને પોલીસ વચ્ચે ભારે ઘર્ષણ થયું હતું. જેને પગલે સમગ્ર પેરિસમાં મોટી સંખ્યામાં પોલીસ તૈનાત કરવી પડી હતી ઉપરાંત અત્યાર સુધીમાં ૭૮૦થી વધુ નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે નાગરિકોના રોષનો ભોગ બનેલી પોલીસના ૫૭ અધિકારીઓ ઘાયલ થયા હતા ફુટબોલ મેચમાં પેરિસ સેન્ટ જર્મેનની જીત થઇ હતી, જેથી તેમના ચાહકો એટલા ઉત્સાહિત થઇ ગયા હતા કે ખુદ પર કાબુ ગુમાવી દીધો અને હિંસા પર ઉતરી આવ્યા.પેરિસના પ્રખ્યાત એફિલ ટાવર પાસે હજારોની સંખ્યામાં ફૂટબોલ ફેન્સ એકઠા થયા હતા, શરૂઆતમાં તમામ લોકો ડાંસ સંગીત વગેરે દ્વારા જીતનો જશ્ન મનાવી રહ્યા હતા. બાદમાં હિંસા પર ઉતરી આવ્યા હતા, વાહનોને આગ લગાવી દીધી, કેટલાક વીડિયો સામે આવ્યા છે જેમાં સળગતી કાર પર ડાંસ કરતા કેટલાક લોકો જોવા મળી રહ્યા છે. જ્યારે હિંસાખોરોએ એક પોલીસ સ્ટેશનને આગ લગાવવા પ્રયાસ કર્યો હતો. કેટલાક લોકોએ લૂંટનો પ્રયાસ કર્યો હતો જ્યારે તોડફોડ પથ્થરમારો આગજની વગેરે ગુના હેઠળ પોલીસે અત્યાર સુધીમાં ૭૮૦ લોકોની ધરપકડ કરી છે.પોલીસે જણાવ્યું હતું કે હિંસાખોરોએ ૨૬૪ કારને આગ લગાવી દીધી હતી જે તમામ બળીને ખાખ થઇ ગઇ હતી.ઈલેક્ટ્રિક બાઇકોને પણ આગ લગાવાઇ હતી, દુકાનોના ગ્લાસ તોડી નખાયા હતા, સ્ટેડિયમ આસપાસની બેકરીઆઅને રેસ્ટોરાંમાં ભારે તોડફોડ કરાઇ હતી. બેકાબુટોળાએ પોલીસ પર ફટાકડા ફેંક્યા હતા હિંસા થશે તેવી જાણકારી મળતા અગાઉથી જ સમગ્ર દેશમાં ૨૨૦૦૦ પોલીસકર્મીઓ તૈનાત કરી દેવાયા હતા. જેમાથી માત્ર પેરિસમાં જ આઠ હજારથી વધુની તૈનાતી કરાઇ હતી. સમગ્ર પેરિસનો વાહન વ્યવહાર ઠપ થઇ ગયો હતો. પોલીસે આશરે ૭૮૦થી વધુ હિંસાખોરોની ધરપકડ કરી છે જ્યારે બીજી તરફ ૫૭ જેટલાપોલીસ અધિકારીઓ ઘાયલ થયા છે.

## વાટાઘાટો વચ્ચે હોર્મુઝ ખાડીમાં ઈરાનના જહાજ પર અમેરિકાનો મિસાઈલ હુમલો

ચેટજીપીટી બનાવનાર ઓપનએઆઈ, ઈલોન મસ્કની સ્પેસએક્સ અને એઆઈ સ્ટાર્ટઅપ એન્થ્રોપિક દ્વારા સંભવિત આઈપીઓ અને નવા ફંડિંગ રાઉન્ડ્સ વૈશ્વિક એઆઈ સેક્ટરમાં રોકાણની નવી લહેર ઊભી કરી શકે છે. આ ત્રણેય કંપનીઓ મળીને બજારમાંથી આશરે રૂ. ૬ લાખ કરોડથી વધુનું નવું રોકાણ ખેંચી શકે છે.

એનવીડિયા, માઈક્રોસોફ્ટ, એમેઝોન, આલ્ફાબેટ અને મેટા જેવી કંપનીઓ ડેટા સેન્ટર્સ, એઆઈ ચિપ્સ અને કમ્પ્યુટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર અબજો ડોલર ખર્ચી રહી છે. હવે, સ્પેસએક્સ, ઓપનએઆઈ અને એન્થ્રોપિક જેવી પ્રાઈવેટ કંપનીઓ પણ મોટા પાયે મૂડી એકત્ર કરવાની હોવાથી સમગ્ર એઆઈ ઈકોસિસ્ટમમાં નવી ઊર્જા જોવા મળી રહી છે. વિશ્લેષકોના મતે, રૂપિયા ૬ લાખ કરોડના રોકાણનો ઉપયોગ માત્ર એઆઈ મોડલ્સ વિકસાવવા માટે જ નહીં, પરંતુ ડેટા સેન્ટર્સ, ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વીજ પુરવઠા પ્રોજેક્ટ્સ, નેટવકગ ઈન્સ્ટ્રુમેન્ટ્સ અને અદ્યતન ચિપ્સને ડેવલપ કરવા ખર્ચાશે. એઆઈની વધતી માંગને પહોંચી વળવા માટે વિશ્વભરમાં વિશાળ કમ્પ્યુટિંગ ક્ષમતાની જરૂરિયાત ઊભી થઈ રહી છે.

## સમજૂતીની શર્તોમાં ટ્રમ્પ ફેરફાર ઈચ્છે છે, અમેરિકા - ઈરાન ડીલમાં હવે ફસામણ થઈ



સમજૂતીની શર્તોમાં ટ્રમ્પ ફેરફાર ઇચ્છે છે, અમેરિકા - ઇરાન ડીલમાં હવે ફસામણ થઇ

ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું અમેરિકા ઈરાન સાથે ઘણી સારી સમજૂતીથી નજીક પહોંચી રહ્યું છે, પરંતુ જો તેમ ન થાય તો અમેરિકા સૈન્ય કાર્યવાહી ફરી શરૂ કરશ અમેરિકા ઈરાન વચ્ચે ડીલ અંગે હજી કોઈ નિર્ણય લઈ શકાયો હોય તેમ લાગતું નથી. શુક્રવારે ટ્રમ્પે વ્હાઈટ હાઉસના સિચ્યુએશન રૂમમાં નેશનલ સિક્યુરીટી ટીમ સાથે મીટીંગ કરી હતી. મીટીંગ બે કલાક ચાલી હતી. પરંતુ તેમાં આખરી નિર્ણય શો લેવાયો તે વિષે કોઈ માહિતી નથી, પરંતુ જાણકારો કહે છે કે ટ્રમ્પને સમજૂતીની શર્તોમાં ફેરફાર કર્યો છે, તેમાં હોર્મુઝ અને ન્યુક્લિયર મટીરીયલ સાથે જોડાયેલી શર્તો પણ સામેલ છે. આ શર્તો ઈરાનને મોકલી પણ આપી છે.દરમિયાન ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકા ઈરાન સાથે ખૂબ સારી સમજૂતી નજીક પહોંચી રહ્યા છીએ. જો તેમ નહીં થાય તો અમેરિકાને સૈન્ય કાર્યવાહી કરવી પડશેફોક્સ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું કે : જો ઉતાવળ કરીએ તો આપણે કોઈ સારી સમજૂતી ઉપર આવી નહીં શકીએ. મને લાગે છે કે ધીમે ધીમે પરંતુ નિશ્ચિતરૂપ અમે તે મેળવી રહ્યા છીએ કે જે અમે ઈચ્છીએ છીએ. જો અમને તે નહીં મળે તો તેને એક જુદી રીતે ખત્મ કરીશું.દરમિયાન ઈરાનની તસનીમ ન્યૂઝ એજન્સીએ જણાવ્યુ કે ઈરાનના રીવોલ્યુશનરી ગાર્ડઝ કોપ્સે એ દાવો કર્યો છે કે રવિવારે સવારે દેશનાં જલ ક્ષેત્ર ઉપર એક અમેરિકી એમ ક્યુ ૧ પ્રીડેટર મલ્ટી રોલ પ્રીડેટર ડ્રોન જોવા મળ્યું હતું તેને ખતમ કરી નખાયું છે.નિરીક્ષકો કહે છે કે એક તરફ શાંતિ મંત્રણા માટે વાતચીત ચાલે છે તો બીજી તરફ આવા પણ સમાચાર મળે છે. તેવામાં શાંતિ મંત્રાણાની સફળતા સામે પ્રશ્નાર્થ મુકાઈ જાય તે સહજ છે.

## સિંગાપુરમાં ચાલી રહેલાં 'શાંગ્રીલા-ડાયલોગ' સમયે જાપાનના સંરક્ષણ મંત્રી કોઈઝૂમી ચીન ઉપર તૂટી પડયા



જાપાનના સંરક્ષણ મંત્રી અહીં યોજાઈ રહેલા ''શાંગ્રીલા-ડાયલોગ'' સમયે ચીન ઉપર રીતસર તૂટી જ પડયા હતા. સાથે ચીનનું સ્પષ્ટ નામ લીધા સિવાય કહ્યું એક દેશ પાસે પરમાણુ શસ્ત્રોનો વિશાળ જથ્થો છે, જે તે વધાર્યા જ કરે છે. સાથે વ્યૂહાત્મક બોમ્બરો પણ છે. આ પરિસ્થિતિમાં દ્વિતીય વિશ્વયુદ્ધ પછી જાપાને જાળવી રાખેલી શાંતિમય નીતિનો અમારે ત્યાગ કરવો જ પડયો છે. અને સંરક્ષણ બજેટ નિરૂપાયે વધારવું પડયું છે. સાથે અમેરિકાના સાથમાં સંરક્ષણ તાકાત પણ વધારવી પડી છેઉલ્લેખનીય છે કે જાપાનનાં વડાપ્રધાન સાને તાકાઈચી સ્પષ્ટ રીતે તાઈવાન તરફી છે. તેઓએ તો ત્યાં સુધી કહી દીધું હતું કે જો તાઈવાન ઉપર આક્રમણ થશે તો જાપાન તેની સહાયે જશે જ.બીજી તરફ ચીને જાપાન ઉપર આક્ષેપો કરતાં કહ્યું હતું કે જાપાન બેફામ રીતે ન્યૂ-મિલીટરિઝમ (નવાં લશ્કરવાદ) તરફ વળી રહ્યું છે. તે આ વિસ્તારમાં અસ્થિરતા ઊભી કરશેચીનના આક્ષેપના જવાબમાં કોઈઝૂમીએ કહ્યું હતું કે આથી વધુ મોટું જુઠ હોઈ જ ન શકે. જરા વિચારો, એક દેશ કે જેની પાસે પરમાણુ શસ્ત્રોનો વિશાળ જથ્થો છે. વ્યૂહાત્મક બોમ્બરો છે. તે બીજાઓ ઉપર આક્ષેપ કરે છે. તેમણે વધુમાં કહ્યું હતું કે જાપાન પાસે આવાં કોઈ શસ્ત્રો નથી. છતાં તેની ઉપર ન્યૂ-મિલીટરીઝમનું લેબલ લગાડવામાં આવે છે તે વિચિત્ર નથી ?તે સર્વવિદિત છે કે ચીન પાસે સેંકડો પરમાણુ શસ્ત્રો હોવાનું માનવામાં આવે છે. ચીન પાસે વ્યૂહાત્મક બોમ્બર્સ પણ છે. ચીનની પારદર્શિતા વીનાની આ કાર્યવાહી જાપાન માટે ચિંતાનો વિષય છે.



## તંત્રી લેખ

# હિમાચલ પ્રદેશમાં કોંગ્રેસને મોટો ઝટકો

આગામી વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલા રવિવારે હિમાચલ પ્રદેશમાં શાસક કોંગ્રેસને મોટો ફટકો પડ્યો, કારણ કે ૧૭ મેના રોજ યોજાયેલી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ચારમાંથી ત્રણ મ્યુનિસિપલ કોર્પોરેશનો ભારતીય જનતા પાર્ટી (ભાજપ) સામે હારી ગયા.

હિમાચલ પ્રદેશના રાજ્ય ચૂંટણી પંચ (જીઈઝ) અનુસાર, ભગવા પક્ષો મંડી, ધર્મશાલા અને સોલન મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં જીત નોંધાવી હતી, જયારે સૌથી જૂની પાર્ટીએ ફક્ત પાલમપુર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જીત મેળવી હતી.

મંડીમાં ૧૫ વોર્ડમાંથી ભાજપે ૧૨ જીત મેળવી હતી જયારે કોંગ્રેસે ફક્ત એક જ જીત મેળવી હતી, કારણ કે અન્ય વોર્ડ અપક્ષ ઉમેદવારોને મળ્યા હતા. ૧૭ વોર્ડ ધરાવતા સોલનમાં કોંગ્રેસ માત્ર છ જીતી શકી હતી, કારણ કે ભાજપે ૧૦ વોર્ડ જીત્યા હતા. જોકે, એક વોર્ડ એક અપક્ષ ઉમેદવારે જીત્યો હતો.

ધર્મશાલામાં, જેમાં ૧૭ વોર્ડ પણ છે, શાસક પક્ષ પાંચ વોર્ડ પર જીત નોંધાવવામાં સફળ રહ્યો હતો, જયારે ભાજપે ૧૧ બેઠકો જીતી હતી. એક વોર્ડ એક અપક્ષ ઉમેદવારે જીત્યો હતો. કોંગ્રેસે પાલમપુર મ્યુનિસિપલ કોર્પોરેશન પણ જીત્યું, જેમાં ૧૫ વોર્ડમાંથી ૧૧ વોર્ડ જીત્યા. ભાજપે અહીં ફક્ત ચાર વોર્ડ જીત્યા.

# અમેરિકા ફરીથી યુદ્ધ શરૂ કરી શકે તેવી ચેતવણીઓ વચ્ચે ટ્રમ્પે 'વિક્ષેપિત' પોસ્ટ કરી

વૉશિંગ્ટન,

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર એક રહસ્યમય અને ઉશ્કેરણીજનક પોસ્ટ દ્વારા સોશિયલ મીડિયા પર ધ્યાન ખેંચ્યું છે. ટ્રમ્પે તેમના ટ્રૂથ સોશિયલ પ્લેટફોર્મ પર છૈં-જનરેટેડ પોતાની એક તસવીર શેર કરી છે, જેમાં તેઓ લશ્કરી ગણવેશમાં સજ્જ દેખાય છે. આ તસવીરમાં તેમની પાછળ ઉડતા ફાઈટર જેટ અને ઉગ્ર સમુદ્રમાંથી પસાર થતા યુએસ યુદ્ધ જહાજો દર્શાવવામાં આવ્યા છે. તસવીર સાથે જોડાયેલ કેપ્શનમાં લખ્યું હતું, ×તમે અશાંત થઈ રહ્યા છો.×

હેગસેથની 'સંપૂર્ણપણે તૈયાર' ટિપ્પણી પછી તરત જ અમેરિકન પ્રમુખે પોસ્ટ કરી

ટ્રમ્પની પોસ્ટ એવા સમયે આવી છે જયારે મધ્ય પૂર્વમાં સુરક્ષા પરિસ્થિતિ અત્યંત સંવેદનશીલ રહે છે. સિંગાપોરમાં એક સંરક્ષણ સમિટમાં, યુએસ સંરક્ષણ સચિવ પીટ હેગસેથે કહ્યું હતું કે યુનાઈટેડ સ્ટેટ્સ કોઈપણ પડકારનો જવાબ આપવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. તેમણે કહ્યું હતું કે જો જરૂર પડે તો અમેરિકન લશ્કરી ભંડાર કામગીરીને ટેકો આપવા માટે પૂરતા છે.

આ સંદેશને સમર્થન આપતા, યુએસ સેન્ટ્રલ કમાન્ડ (સેન્ટકોમ) એ કહ્યું કે અમેરિકન લશ્કરી દળો સમગ્ર પ્રદેશમાં તૈનાત રહે છે અને સતર્ક અને તૈયાર રહે છે.

વ્હાઈટ હાઉસે સંકેત આપ્યો છે કે ટ્રમ્પ ઈરાન સાથે કરાર માટે સંભવિત માળખાની સમીક્ષા કરી રહ્યા છે. જોકે, ઈરાની અધિકારીઓએ અંતિમ સોદો નજીક હોવાના સૂચનોનો વિરોધ કર્યો છે, અને કહ્યું છે કે વાટાઘાટો હજુ પણ ચાલુ છે અને ઘણા મુદ્દાઓ વણઉકેલાયેલા છે.

સુરક્ષા ચિંતાઓ ઉભરી આવી છે

આ વર્ષની શરૂઆતમાં યુદ્ધવિરામ થયો હોવા છતાં, સમગ્ર પ્રદેશમાં સુરક્ષા ચિંતાઓ સતત જોવા મળી રહી છે. ઈરાનની સરકારી સમાચાર એજન્સી ઈંદ્રછ એ અહેવાલ આપ્યો છે કે દેશની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓએ શનિવારે એક ડ્રોનને અટકાવ્યું હતું. ઈરાની અધિકારીઓએ આ વિમાનને ×યુએસ-ઝાયોનિસ્ટ આક્રમણખોર દુશ્મન× તરીકે વર્ણવ્યું હતું.

રાજદ્વારી ચર્ચાઓ પણ લેબનોનમાં ચાલી રહેલા સંઘર્ષ પર કેન્દ્રિત છે.

ઈરાને જાળવી રાખ્યું છે કે યુનાઈટેડ સ્ટેટ્સ સાથે વ્યાપક શાંતિ કરાર પર આગળ વધતા પહેલા લેબનોનની પરિસ્થિતિ પર પ્રગતિ જરૂરી છે. તે જ સમયે, દક્ષિણ લેબનોનમાં લશ્કરી પ્રવૃત્તિ ચાલુ છે, જયાં ઈઝરાયેલી દળો સક્રિય રહે છે.

દરમિયાન, ઈઝરાયલ અને લેબનોનના લશ્કરી પ્રતિનિધિઓએ તાજેતરમાં સુરક્ષા ચિંતાઓને સંબોધવાના પ્રયાસમાં સીધી વાટાઘાટો કરી હતી.ભાવિ સોદા માટે ટ્રમ્પની શરતો

ટ્રમ્પે જાહેરમાં મુખ્ય શરતોની રૂપરેખા આપી છે જે તેમના મતે ભવિષ્યના કોઈપણ કરારમાં શામેલ હોવી જોઈએ.

તેમની માંગણીઓમાં એવી ગેરંટી છે કે ઈરાન ક્યારેય પરમાણુ શસ્ત્રો મેળવશે નહીં અને વૈશ્વિક તેલ શિપમેન્ટ માટે એક મુખ્ય માર્ગ, વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ હોર્મુઝ સ્ટ્રેટને સંપૂર્ણ રીતે ફરીથી ખોલવામાં આવે.

# ડોનાલ્ડ ટ્રમ્પના દીકરી અને જમાઈ બન્યા જામનગરના મહેમાન, લોખંડી સુરક્ષાનો મસમોટો કાફલો!

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની દીકરી ટિફની ટ્રમ્પ અને તેમના પતિ માઈકલ બોલોસ એક વિશેષ વિમાન મારફતે જામનગર એરપોર્ટ પર ઉતર્યા હતા. તેમના આગમનને પગલે જામનગર એરપોર્ટથી લઈને મોટીખાવડી વિસ્તારમાં આવેલા રિલાયન્સ સંકુલ સુધી લોખંડી પોલીસ બંદોબસ્ત અને ઉચ્ચ સ્તરનું સુરક્ષા કવચ ગોઠવવામાં આવ્યું હતું. નોંધનીય છે કે, તેઓ વન્યજીવ અને પ્રાણી સંરક્ષણ કેન્દ્ર વનતારાની મુલાકાત લેવાના છે. ટિફની ટ્રમ્પ અને તેમના પતિ માઈકલ બોલોસની મુલાકાતને સુરક્ષિત રાખવા માટે જામનગર શહેર પોલીસ તેમજ અન્ય કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓ એલર્ટ મોડ પર જોવા મળી હતી. તેમના કાફલામાં અત્યાધુનિક બુલેટપ્રૂફ સુરક્ષા વાહનો, પાયલટ જીપ અને વિશેષ પોલીસ એસ્કોર્ટ વાહનોનો સમાવેશ કરાયો હતો. વીવીઆઈપી કાફલો સુરક્ષિત રીતે પસાર થઈ શકે તે માટે એરપોર્ટથી મોટીખાવડી સુધીના સમગ્ર માર્ગ પર વ્યાપક બેરિકેડીંગ કરવામાં આવ્યું હતું. કાફલો પસાર થવાના સમયે થોડી મિનિટો માટે સામાન્ય વાહન વ્યવહાર રોકી દેવાતા ખંભાળિયા રોડ પર થોડા સમય માટે ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયા હતા.મળતી માહિતી અનુસાર,ટિફની ટ્રમ્પ અને તેમના પતિ માઈકલ બોલોસ જામનગર નજીક રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા સ્થાપિત કરવામાં આવેલા વન્યજીવ અને પ્રાણી સંરક્ષણ કેન્દ્ર વનતારાની મુલાકાત લેવાના છે. આ મુલાકાત દરમિયાન તેઓ વનતારામાં દેશ-વિદેશના વિવિધ પ્રજાતિના પ્રાણીઓ અને પક્ષીઓને નિહાળશે. આ ઉપરાંત વનતારામાં વન્યજીવોના સંવર્ધન, પુનર્વસન અને મેડિકલ કેર ક્ષેત્રે ચાલી રહેલી અત્યાધુનિક અને વૈશ્વિક સ્તરની કામગીરી અંગે તેઓ તજજ્ઞો પાસેથી વિગતવાર માહિતી મેળવશે.

# મોંઘવારીનો ઝટકોઃ કોમર્શિયલ LPG સિલિન્ડરમાં ?૪૨ અને ૫ કિલોવાળામાં ?૧૧નો તોતિંગ વધારો




નવા મહિનાની શરૂઆત સાથે જ સામાન્ય જનતા અને વેપારીઓ પર મોંઘવારીનો વધુ એક બોજ આવી પડ્યો છે. ઓઈલ વિતરણ કંપનીઓએ ૧ જૂન ૨૦૨૬થી કોમર્શિયલ એલપીજી (ન્ઁ્ય) સિલિન્ડરની કિંમતોમાં મોટો વધારો કરવાની જાહેરાત કરી છે. ઘરેલુ રાંધણ ગેસના ભાવ યથાવત્ નવા દરો અનુસાર ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં ?૪૨ સુધીનો વધારો ઝીંકવામાં આવ્યો છે. જોકે,રાહતની વાત એ છે કે ઘરોમાં વપરાતા ૧૪.૨ કિલોગ્રામના ઘરેલું ગેસ સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.મહાનગરોમાં કોમર્શિયલ સિલિન્ડરના નવા ભાવદેશના જુદા જુદા મહાનગરોમાં ઓઈલ કંપનીઓ દ્વારા સ્થાનિક ટેક્સના આધારે અલગ-અલગ ભાવવધારો કરવામાં આવ્યો છેઃદિલ્હીઃ ૧૯ કિલોના કોમર્શિયલ સિલિન્ડરની કિંમત ?૪૨ વધીને હવે ?૩૧૧૩.૫૦ થઈ ગઈ છે.કોલકાતાઃ અહીં વેપારીઓ પર સૌથી વધુ બોજ પડ્યો છે, જયાં કિંમત ?૫૩.૫૦ વધીને ?૩૨૫૫.૫૦ પર પહોંચી ગઈ છે.આ ભાવવધારાને કારણે હોટેલ, રેસ્ટોરન્ટ, ઢાબા અને અન્ય વ્યાવસાયિક એકમો ચલાવતા નાના-મોટા વેપારીઓનું બજેટ ખોરવાશે અને બહાર ખાવા-પીવાનું મોંઘું થઈ શકે છે.૫ કિલોના નાના સિલિન્ડરમાં પણ વધારોમાત્ર મોટા જ નહીં, પરંતુ નાના વેપારીઓ અને મજૂર વર્ગ દ્વારા ઉપયોગમાં લેવાતા ૫ કિલોગ્રામના હ્ન્ (હ્નાાી્ ક્રિદ્વી ન્ઁ્ય) સિલિન્ડરની કિંમતમાં પણ કંપનીઓએ ?૧૧નો ઉમેરો કર્યો છે. આ વધારા બાદ દિલ્હીમાં ૫ કિલોનો નાનો સિલિન્ડર હવે ?૮૨૧.૫૦ની નવી કિંમતે મળશે.વર્ષ ૨૦૨૬માં મોંઘવારીનો ગ્રાફઃ ૬ મહિનામાં કિંમતો બમણી થઈવર્ષ ૨૦૨૬ની શરૂઆતથી જ કોમર્શિયલ ગેસના ભાવમાં સતત આગ લાગી રહી છે. છેલ્લા ૬ મહિનાના આંકડા પર નજર કરીએ તો કિંમતો રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ છેઃજાન્યુઆરી ૨૦૨૬ઃ દિલ્હીમાં ભાવ ?૧૬૯૧.૫૦ હતો.ફેબ્રુઆરીઃ ?૪૯નો વધારો.માર્ચઃ ?૧૧૫નો વધારો.એપ્રિલઃ?૧૯૫.૫૦નો વધારો.મેઃ પ્રતિ સિલિન્ડર રેકોર્ડબ્રેક ?૯૯૩નો તોતિંગ વધારો થયો હતો.જૂનઃ ફરી ?૪૨ વધતા હવે કિંમત ?૩૧૧૩.૫૦ થઈ ગઈ છે.આમ, જાન્યુઆરીમાં જે સિલિન્ડર આશરે ?૧૬૯૧.૫૦ માં મળતું હતું, તે જૂન આવતા-આવતા ?૩૧૧૩ને પાર થઈ ગયું છે, જેનાથી વેપાર જગતમાં ચિંતાનો માહોલ છે.

# ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદમાં વધુ એક એન્કાઉન્ટર, ૧૩ વર્ષની બાળકીના દુષ્કર્મીને પગમાં ગોળી ધરબી



ગાઝિયાબાદમાં તાડબતોડ એન્કાઉન્ટર ચાલી રહ્યું છે. સૂર્યા હત્યાકાંડ બાદ હવે લોનીમાં સગીર બાળકી સાથે દુષ્કર્મ આચરનાર આરોપીને પોલીસે પગમાં ગોળી ધરબી દીધી છે. એન્કાઉન્ટર બાદ પોલીસે આરોપી સિરાજની ધરપકડ કરી લીધી છે. એન્કાઉન્ટરમાં આરોપીના જમણા પગમાં ગોળી વાગી છે. પોલીસે ઘાયલ આરોપીને હોસ્પિટલમાં દાખલ કરાવ્યો છે. પોલીસે આરોપીના કબજામાંથી એક પિસ્તોલ, કારતૂસ અને એક સ્કૂટી રિકવર કરી છે.૧૩ વર્ષની બાળકી સાથે દુષ્કર્મલોની બોર્ડર પોલીસ સ્ટેશન વિસ્તારની કોલોનીમાં એક મહિલા રહે છે. તેમણે ૩૦ મેના રોજ પોલીસને આપોલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ત્રણ મહિના પહેલા પડોશમાં રહેતા બીજા ધર્મના સિરાજ નામના યુવકે મારી ૧૩ વર્ષની દીકરી સાથે દુષ્કર્મ આચર્યું હતું.આરોપીની બાળકીને જાનથી મારી નાખવાની ધમકીએવો આરોપ છે કે, આરોપી સિરાજે બાળકીને ધમકી આપી હતી કે, આ ઘટના વિશે કોઈને કહ્યું તો જાનથી મારી નાખીશ. મહિલાએ જણાવ્યું કે, 'જ્યારે દીકરીની તબિયત લથડી અને હું તેને ડૉક્ટર પાસે લઈ ગઈ ત્યારે ખબર પડી કે તેની સાથે કંઈક ખોટું થયું છે. ઘરે આવીને જ્યારે દીકરીને પૂછ્યું ત્યારે તેણે તમામ હકીકત જણાવી.' ત્યારબાદ મહિલાએ પોલીસને આ મામલે ફરીયાદ કરીપીડિત બાળકીના ઘરે પહોંચ્યા ધારાસભ્યઆ ઘટનાની જાણ થતાં જ ધારાસભ્ય નંદકિશોર ગુર્જર પીડિત પરિવારને મળવા પહોંચ્યા હતા. ધારાસભ્યએ પીડિત પરિવારને તમામ શક્ય મદદ અને આરોપી સામે કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. ઈન્ચાર્જ સહાયક પોલીસ કમિશનર અંકુર વિહાર સિદ્ધાર્થ ગૌતમે જણાવ્યું કે, 'પીડિત પરિવારની ફરિયાદ પર પોલીસે કેસ નોંધીને આરોપીની શોધ શરૂ કરી દીધી છે.' સોમવારે સવારે માહિતી મળતાં જ પોલીસે ટીમ સેવાધામ ટીલા મોડ રોડ પર વાહનોની તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન ટીમે સ્કૂટી પર આવતા એક યુવકને રોકાવાનો ઈશારો કર્યો હતો.પોલીસ પર ફાયરિંગ બાદ પગમાં ગોળી વાગીયુવક સ્કૂટી ફેરવીને પ્લછ ગ્રાઉન્ડ તરફ ભાગવા લાગ્યો. ભાગતી વખતે સંતુલન ગુમાવતા સ્કૂટી પડી ગઈ. પોલીસને પોતાની તરફ આવતા જોઈને યુવકે પોલીસ ટીમ પર ફાયરિંગ કર્યું. પોલીસે કરેલી જવાબી કાર્યવાહીમાં યુવકને જમણા પગમાં ગોળી વાગી. પોલીસે ઘટનાસ્થળેથી પિસ્તોલ, કારતૂસ અને સ્કૂટી રિકવર કરી.ગુનો કબૂલ કયોપૂછપરછમાં આરોપીએ પોતાનું નામ સિરાજ અને લોની બોર્ડર પોલીસ સ્ટેશનના અમિત વિહારનો રહેવાસી હોવાનું જણાવ્યું. તેણે સગીરા સાથે દુષ્કર્મ આચર્યું હોવાની કબૂલાત કરી. સહાયક પોલીસ કમિશનરે જણાવ્યું કે, 'આરોપીની સામે પોક્સો એક્ટ અને આર્મ્સ એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.' પોલીસે ઘાયલ આરોપીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાવ્યો છે.

# ઉત્તર પ્રદેશમાં કબડ્ડીના નેશનલ ખેલાડીનું અપહરણ કર્યા બાદ હત્યા, કંકાલ જેવી હાલતમાં મૃતદેહ મળ્યો




ઉત્તર પ્રદેશમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર ગંભીર સવાલો ઊભા કરતો વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ગાઝિયાબાદમાં પેરા એથ્લીટ ગૌરવ ત્યાગીની ગોળી મારીને હત્યા કરાયાની ઘટના હજુ શાંત થઈ નથી, ત્યાં મેરઠમાં નેશનલ કક્ષાની મહિલા કબડ્ડી ખેલાડી અનુષ્કાની અપહરણ બાદ હત્યા કરવામાં આવી હોવાનો ઘટસ્ફોટ થયો છે. ફાસ્ટ ફૂડની દુકાન ચલાવતા શખસે સામાન્ય બાબતમાં યુવતીનું અપહરણ કર્યું અને તે જ રાત્રે માથામાં ઈંટોના ઘા મારીને તેની હત્યા કરી મૃતદેહને ગટરમાં ફેંકી દીધો હતો. આ ઘટનાના ૪૫ દિવસ બાદ રવિવારે (૩૧મી મે) મોડી રાત્રે આરોપીની ધરપકડ થતાં સમગ્ર હત્યાકાંડ પરથી પડદો ઊંચકાયો છે. પોલીસે આરોપીની કબૂલાતના આધારે ગટરમાંથી અનુષ્કાનો કંકાલ (હાડપિંજર) હાલતમાં મૃતદેહ રિકવર કર્યો છે.૧૫મી એપ્રિલથી ગુમ હતી ૧૨મા ધોરણની વિદ્યાર્થિનમૃતક અનુષ્કા મેરઠના દૌરાલા પોલીસ સ્ટેશન વિસ્તારના ચિરૌડી ગામના રહેવાસી નેમ્પલની પુત્રી હતી અને રાષ્ટ્રીય સ્તરે કબડ્ડી રમતી હતી. તે કાંકરખેડાના શોભાપુરા વિસ્તારમાં ભાડાના મકાનમાં રહીને કૃષ્ણા પબ્લિક સ્કૂલમાં ધોરણ ૧૨માં અભ્યાસ કરતી હતી. અનુષ્કા૧૫મી એપ્રિલ ૨૦૨૬ના રોજ રાત્રે અચાનક ગુમ થઈ ગઈ હતી. પુત્રી ઘરે ન પરત ફરતાં પિતા ૧૬મી એપ્રિલે કાંકરખેડા પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતીપોલીસે દોઢ મહિના સુધી કોઈ નક્કર તપાસ ન કરી, જેથી કંટાળીને પરિવારે બે દિવસ પહેલા મેરઠ ઝોનના એડિશનલ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ (છઙ્ઘય્) ભાનુ ભાસ્કરને ન્યાય માટે ગુહવાર લગાવી હતી. છઙ્ઘય્ના કડક આદેશ બાદ પોલીસ એક્શનમાં આવી અને ગણતરીના કલાકોમાં ચંદીગઢથી આરોપી શ્યામ ધનકની ધરપકડ કરી લીધી હતી.માત્ર રૂ. ૩૬૦૦ની લેતીદેતીમાં હત્યાધરપકડ કરાયેલ આરોપી શ્યામ ધનક મૂળ ઉત્તરાખંડના દેહરાદૂનનો રહેવાસી છે અને મેરઠના રોહતા રોડ પર ફાસ્ટ ફૂડ (ફૂડ કોર્નર)ની દુકાન ચલાવતો હતો. પોલીસ પૂછપરછમાં હત્યા પાછળ જે કારણ સામે આવ્યું તે જાણીને ઉચ્ચ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતાઅનુષ્કા અવારનવાર તેના મિત્રો સાથે શ્યામની દુકાને ફાસ્ટ ફૂડ ખાવા જતી હતી, જેથી હિસાબ પેટે તેણે શ્યામને આશરે ૩,૬૦૦ રૂપિયા આપવાના નીકળતા હતા. ૧૫મી એપ્રિલની રાત્રે અનુષ્કા એકલી શ્યામની દુકાને પહોંચી ત્યારે શ્યામે પોતાના બાકી રૂપિયા માંગ્યા હતા. આ દરમિયાન અનુષ્કાએ મજાકમાં એવું કહી દીધું કે, 'જો તું વધારે રૂપિયા માંગીશ તો હું તારા પર છેડતીનો કેસ દાખલ કરાવી દઈશ'. આ સાંભળીને શ્યામ એકદમ ગુસ્સે ભરાયો હતો. તેણે અનુષ્કાનું અપહરણ કર્યું અને તેને પરાણે દારૂ પીવડાવ્યો હતો. ત્યારબાદ તે તેને નિર્જન રોહતા રોડ પર લઈ ગયો અને માથાના ભાગે ઈંટોના ઉપરાઉપરી ઘા મારીને તેને મોતને ઘાટ ઉતારી દીધી. હત્યા કર્યા બાદ પુરાવાનો નાશ કરવાના ઈરાદે તેણે મૃચદેહને રોડ કિનારે આવેલી મોટી ગટરમાં ધકેલી દીધી અને પોતે ચંદીગઢ ભાગી ગયો હતોગટરના ગંદા પાણીમાંથી માત્ર હાડપિંજર મળ્યુંરવિવારે મોડી રાત્રે પોલીસ આરોપી શ્યામને સાથે રાખીને રોહતા રોડ પર ઘટનાસ્થળે પહોંચી હતી. દોઢ મહિના જેટલો લાંબો સમય વીતી ગયો હોવાથી અને ગટરના પાણીના કારણે અનુષ્કાનું આખું શરીર કોહવાઈ ગયું હતું અને માત્ર હાડપિંજર જ બચ્યું હતું. પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હાડપિંજરને ફોરેન્સિક લેબ (હ્નજીન) અને ડીએનએ (ઢ્ઢછ) ટેસ્ટ માટે મોકલી આપ્યું છે. આ કરપીણ હત્યાકાંડને પગલે સમગ્ર મેરઠ પંથકમાં ભારે રોષ અને અરેરાટી વ્યાપી ગઈ છે, જયારે પરિવારે ન્યાયની ગુહાર લગાવી છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No. 0185.**
વિષયઃ- " 'હું' અને 'મારું મન'"
શીર્ષકઃ- મનના સવાલો
પ્રકારઃ- કાવ્ય, શબ્દ સંખ્યાઃ- ૧૩૫★

મન મારું કરે માગણી લાલચે, ને હું વશમાં થઈ જાઉં છું,
સાચી ખોટી લોલુપતા મનની, હું વિચારમાં પડી જાઉં છું,

કરું સંકલ્પ બનું મનનો શેઠ તો, હું ભ્રમમાં પડી જાઉં છું,
હું બનતો નોકર મનનો તો, મનની શેઠાઈ વધતી જાય છે,

મનમાં સવાલો સર્જાય તો, હુંમાં ઉદાસીનતા છલકાય છે,
પ્રેમનું અમૃત મન પર વરસે તો, હુંમાં ઊર્જા ઊભરાય છે,

મનનો મોભો જો સંસ્કારે રચાય તો, હું પ્રભાવી થાય છે,
ખોટી સંગતો મળે જો મનને તો, હુંનું અંધઃપતન થાય છે,

મનડું બને પવિત્ર તો, હુંમાં પ્રગટે ગંગાસ્નાનની તેજધારા,
મનમાં પ્રગટે માણસાઈનો દીવો તો, હુંમાં પ્રગટે તેજધારા,

અમૃત ને ઝેરની પરખ કરે મન તો, હુંમાં તેજપ્રભા ઊમટે,
સ્વાભિમાની બની મનડું પ્રસરે તો, હુંમાં પ્રેમ નજર ઊમટે,

મન જુએ સર્વમાં ઈશને તો, હુંમાં રાસે વૃંદાવન રચાય છે,
'ઝરૂખો' લખે મન સથવારે અહીં જ, હુંની મુક્તિ થાય છે.

-દિલીપ સી. સોની 'ઝરૂખો' અમદાવાદ.

★★★★★★

**NOG SS NO : 382.**
વિષય -" હું ને મારું મન"
પ્રકાર- પદ્ય શબ્દ - ૧૨૦
?શીર્ષક- મરકટ મનની રે ટેવો

શીતલ મન સુખ વસંત વિલા
ઘેલછાના પવન જ કંટક ખીલા
કારણ વગર રખડવું મરકટ મનની રે ટેવો
વિવેકી મન સંકલ્પે મંઝીલ અવસર દીવો

છોડો જો આ અવળા ઉધામા
જાણો લાલચ મૃગજળી છલના
મમત્વના મનોરથે જીવનમાં તડપન અંધારાં
ધરજો એવા મનસૂબા હો ગુણગ્રાહી સંસારા

ભંડારો છે સુકૃત્યનો સાહસી સુ મન
ખર્ચો ના વૃથા સંકલ્પી અમૂલખ ધન

કરે મથામણ અવિવેક અશાંતિ વંટોળ ધારી
મન હોય તો જવાય માળવે જગ જાણે ખુમારી

વિવેક વચને મન મનોરથ જ રણટંકારી જાગરણ
કીર્તિ કોટડાં પાપ પુણ્યનાં લેખાંજોખાં ભવ તારણ.

રમેશ પટેલ'' આકાશદીપ''

★★★★★★

**NOGSS NO,:168**
વિષયઃ હું અને મારું મન
શિર્ષકઃ હું અને મારી ચેતના
પ્રકારઃ ગદ્ય સંખ્યા ૩૫૦

'હું અને મારું મન' આ વિષયને આજે આપણે યથાર્થ મનોવિજ્ઞાન અને આધ્યાત્મ વિજ્ઞાનનાં દ્રષ્ટિ કોણ થી સમજવાનું પ્રયત્ન કરીશું તો અર્થપૂર્ણ સફળ થઈશું. આજની યુવા શક્તિ સોશિયલ મીડિયાના આકર્ષણમાં આવી મનનો ગુલામ બની ક્રિમિનલ ગુનેગાર બની રહ્યો છે.
ધાર્મિક સ્થળો ઉપર ભીડ, જેલમાં કેદીઓની ભીળ અને વૃદ્ધાશ્રમમાં વૃદ્ધજનોની ભીડ નું કારણ મનને યથાર્થ રૂપમાં નહીં સમજવાના કારણ આજે એક જટિલ સમસ્યા ઉભી થઈ રહી છે !?

હું ને જાણવાં આધ્યાત્મ તરફ વળવું જરૂરી છે. 'હું' એક અલંકારી અહંકાર શબ્દ છે. અહીં આપણે 'હું' શબ્દને એક આધ્યાત્મિક શબ્દ તરીકે લઈ સમજવાનો પ્રયત્ન કરીશું કે હું એક આત્મા છું. અને મારુ શરીર અવિનાશી આત્માનો એક વસ્ત્ર છે. તમે શરીર નથી તમે એક શુદ્ધ ચેતના છો. મન કોઈ ઓર્ગેન્સ નથી એ જૈવિક અંગ છે. જેમ એક મગજ હોય છે.

મન એટલે વિચારોનું એક ગૂંચળું છે. જે લાગણી વિચારો ઈચ્છાઓ ચેતનાનો સંગ્રહ કરે છે. મન કોઈ ભૌતિક અંગ નથી. તે સંવેદનાઓનું એક અદ્રશ્ય વંટોળ છે જે સતત સક્રિય રહે છે.સરળ શબ્દોમાં કહીએ તો મન એ વિચારો અને સંવેદનાઓનું એક કેન્દ્ર છે.

આજે ઘરમાં ઘરમાં એક વ્યક્તિ માનસિક રોગ નો શિકાર છે. ગુસ્સો આજે સામાન્ય બની રહ્યું છે. મન નાં તરંગોની શક્તિને ઓળખવામાં લોકો આજે કમજોર છે. જેથી આજે લોકો મનનાં કહ્યામાં આવીને પોતાની માનસિક અવસ્થાને બગાડી રહ્યાં છે. અને માનસિક અવસ્થા બગડવાથી અનેક પ્રકારનાં શારીરિક માનસિક સ્નેહ સંબંધ માં એક તિરાડ પડી ગઈ છે. જીવનમાં બની ગયેલ એક જ ઘટના ઉપર વારંવાર પોતાથી જ પોતાને પ્રશ્નો પૂછે છે. આજ મનની વ્યાકુળતા એને માનસિક રોગ તરફ ખેંચીને લઈ જાય છે !?

આવા દર્દીને માનસિક રોગનાં ડોક્ટર (મનોવૈજ્ઞાનિક) કાઉન્સિલિંગ અને થેરાપી થી સારવાર આપી ને
ધ્યાન (મેડીટેશનને) કરવાની સલાહ આપે છે. જે આધ્યાત્મ વિજ્ઞાનમાં મનને શાંતિ માટે ઉત્તમ મેડિસિન છે.

બુદ્ધિનું કામ વિશ્લેષણ કરવું અને શું યોગ્ય છે એને સ્વીકારી નિર્ણય લઈને આગળ વધવાનું હોય છે. આત્માની મૂળ ત્રણ શક્તિઓ છેઃ મન બુદ્ધિ અને સંસ્કાર.મન વિચાર કરે છે બુદ્ધિ નિર્ણય લે છે અને બાદ તે સંસ્કારમાં પરિવર્તિત થાય છે.

રાજયોગ ધ્યાન (મેડીટેશન) એક ઉત્તમ મેડીસીન છે.
જેથી આપણું મન...મોહ માયા કામ ક્રોધ અહંકાર આકર્ષણ અને લાલચ માં ફસાતું નથી . અને આપણું આત્મવિશ્વાસ (જીઈન્હ્વ મ્ઈન્હ્વઈ ) મજબૂત બને છે.

ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ' (અમદાવાદ)
આધ્યાત્મિક ઈન્ટરનેશનલ લેખક

★★★★★★

**NOG SS No : 160**
વિષય : હું અને મારું મન
શીર્ષક : નાશવંત અસર
પ્રકાર : પદ્ય શબ્દ : ૪૫

ઋજુ નેણ કેરા ગુલાબી સફરમાં
ઝીલ્યા કંઈક આયામો આ નજરમાં.

રોકી શક્યું ના, ન રોકે બશરને
પાદપની દોલત મળે ના સહરમાં.

વીંધી રે નાખે, કટુ વાણી અફર જે
મ્યાને ધરો, તેગ શી જીહ્વા અધરમાં.

જાણી સૌએ લીધાં, જગતના ચિતારો
શોષાયો રંગ ધવલ, એ નાશવંત અસરમાં.

મળે સ્મિત સાચું, ભરી દઉં ચમનને
કરી લઉં ઉજાણી, નિજ નવલા નગરમાં.

- રશ્મિકા અમીન
(બશર - એક પક્ષી; સહર - રણ;
અફર - પાછું ના ફરે તેવું )

★★★★★★★

**NOG No.0059**
વિષયઃહું અને મારું
મન
પ્રકાર; હાઈકૂ પાંચ

ભાઈ મન તો
મારુ !જે માગુ મળે
આપું ન કાંઈ !

છુ મન મોજી
આપું ન કદી કાઈ
મેળવું બધૂ !

મન છે મારું
હું માલિક સમજૂ
ચાલ મન ની !

ફાકોં રાખુ હું
મન નો માલિક હું ?
ચાલે મનથી !

મારૂ જીવન ?
ચાલે બધુ મન થી !
પ્યારે' હું શૂન્ય !

જયકાન્ત ઘેલાણી
પ્યારે'
બોરીવલી - મુંબઈ.

★★★★★★★

**NOG SS NO : 003**
વિષય : "હું" અને "મારું મન"
શીર્ષક : મન સાથેનો મારો સંવાદ
પ્રકાર :ગદ્ય શબ્દો : ૧૮૫

મનુષ્યના જીવનમાં મન એક એવું અદૃશ્ય તત્વ છે, જે દરેક ક્ષણે તેની સાથે રહે છે. હું અને મારું મન જાણે એક જ અસ્તિત્વના બે પાસાં છીએ. બહારથી હું જે દેખાઉં છું, તેની પાછળ મારા મનની અસંખ્ય લાગણીઓ, વિચારો અને કલ્પનાઓ છુપાયેલી હોય છે.

મારું મન ક્યારેક શાંત સરોવર જેવું બની જાય છે, તો ક્યારેક ઉછળતા સમુદ્રની જેમ અશાંત થઈ ઊઠે છે. જીવનમાં મળતી ખુશીઓ તેને આનંદથી ભરી દે છે, જ્યારે દુઃખની ક્ષણોમાં તે આત્મચિંતન તરફ દોરી જાય છે. ઘણીવાર જ્યારે હું એકલી હોઉં છું, ત્યારે મારા મન સાથે મારો મૌન સંવાદ શરૂ થાય છે. તે મારી ભૂલો બતાવે છે, નવી આશાઓ જગાવે છે અને આગળ વધવાની પ્રેરણા આપે છે.

મનનું સ્વરૂપ ખૂબ ચંચળ છે. જો તેને યોગ્ય દિશા ન મળે, તો તે ભટકી શકે છે; પરંતુ સારા વિચારો અને સદ્કાર્યો દ્વારા તેને ઉજ્જવળ બનાવી શકાય છે. મન જ માનવીને ઊંચાઈઓ સુધી પહોંચાડે છે અને મન જ તેને નિરાશાના અંધકારમાં ધકેલી શકે છે.

તેથી હું મારા મનને માત્ર વિચારવાનો સાધન નહીં, પરંતુ જીવનનો સાચો મિત્ર માનું છું. મન સાથેનો સુમેળ જ જીવનને શાંતિ, સંતોષ અને સફળતાની દિશા આપે છે.

મીનાક્ષી રાવલ - સત્ય ની આંખે (ગાંધીનગર)

સ્ત્ર★★★★★

**NOG SS 0092**
વિષય : હું અને મારું મન
શીર્ષક : વિચિત્ર મન
પ્રકાર : પદ્ય શબ્દ : ૧૦૧

મન મારું વશમાં નથી,
જગતને વશમાં શું કરું?
મર્કટ સમ ઉત્પાત મચાવે,
સાંકળે બાંધીને શું કરું?

મેળવે જગ આખાની માહિતી,
ચકાસવા ચાહે ખરાઈની ધાર પર.
અનુભવોના એરણે પકવે,
લગામ કસીને શું કરું?

ધ્યાન, જપ તપની અસરે ના થાયે,
ચંચળતામાં નિત નવા નર્તન થાયે.
કોઈ ઉપદેશ જ્યાં અસર ના કરે,
એને પ્રવચનો સંભળાવી શું કરું?

મુક્ત છોડી દઉં તો જ,સીધું ચાલે.
નિયંત્રણોના ભારે ના હાલે.
ભરખમ મન લઈ આ
આભાર - નિહારીકા રવિયા જીવે ના હાલે,
વિચિત્રતાની ચરમસીમા પર વિચારું છું શું કરું?

અલકા નવિનચંદ્ર મહેતા
ગાંધીનગર

★★★★★★

**NOG SS No : 110**
વિષય- હું અને મારું મન
શીર્ષક- હું અને મારું મન બંને મિત્રો
પ્રકાર- ગદ્ય-લેખ શબ્દ- ૩૪૮

હું અને મારું મન બંને મિત્રો,એકબીજાને બરાબર ઓળખીએ, એટલે ક્યાંક હું અને મારું મન બંને સંવાદિતામાં હોઈએ અથવા ક્યારેક મન મારી સાથે અસંમત હોય તો ઘર્ષણમાં હોય. મનને ગમતું હું કરું તો મન ખુશ અને હું પણ ખુશ, પરંતુ જો મનની 'ના' થી ઉપરવટ જઈ કોઈ કાર્ય કરું તો ચહેરા ઉપર એક અકળ ઉચાટ રહ્યા કરે. હું નક્કી કરેલ દિશામાં આગળ વધવા કોશિશ કર્યા કરું અને મન મને પાછળ ખેંચ્યા કરે. છેવટે મનની ઈચ્છા વગર આરંભેલુ કાર્ય અધવચ્ચે જ અટકી જાય. જો કે સાચું કહું તો મનના સાથ અને સંમતિ વગર કોઈ કાર્યમાં સફળતા કે પ્રસન્નતા કશું જ મળે નહીં એ સત્ય હવે મને સમજાઈ ગયું છે.

આ મન પણ સાવ અવળચંડુ છે. ન ગમતાં કામની વારંવાર યાદ અપાવે. ઉંમર વધવાની સાથે શરીરના અંગો શિથિલ થવા લાગે અને સ્ફૂર્તિ તથા તાજગી ક્ષીણ થઈ હોય છતાં તે દરરોજ કંઈક એવું કરવા પ્રેરે જે શરીરને કરવું ન ગમે. મન ચતુર છે. મન જાણતું હોય છે કે મારા માટે શું સારું છે કે ખોટું છે. ઉદાહરણ રૂપે સ્વાસ્થ્ય માટે સાદું ભોજન, દરરોજનો હળવો વ્યાયામ અને ચાલવા જવું હિતાવહ છે, જે જાણવા છતાં રોજ બહાનું કાઢી મનને પટાવવું પડે કે, 'સ્વાદિષ્ટ વ્યંજનો થોડાંક ચાખી લઈએ તો શું આફત આવી જશે?' હળવો વ્યાયામ અને ચાલવાનો નિત્યક્રમ આજ પૂરતું થાક અથવા તો ઊંઘનું બહાનું કાઢીને 'આવતીકાલથી નિયમિત ચાલુ' આવો વાયદો કરી વારંવાર છટકબારી શોધાય અને મન બિચારું દયા ખાઈને માની પણ જાય.

મનને મર્કટ પણ કહ્યું છે અને એ સાચું પણ છે. મન સારી પેઠે જાણે છે કે મને શું પસંદ છે અને શું નાપસંદ! ચાહે તે સાહિત્ય હોય, ગઝલ હોય, ગીત-સંગીત હોય, પ્રવાસ હોય, કુદરતની સુંદરતા હોય કે આકર્ષક વ્યક્તિત્વ હોય, શરીર તો ઉંમર વધવાની સાથે અશક્ત અને વૃદ્ધ થવાની દિશામાં આગળ વધી રહ્યું છે, પરંતુ મન વૃધ્ધ થયું નથી. ગમતું આજે પણ ગમતું જ રહ્યું છે. મારું મન હંમેશા મને ગમતું મળે ત્યાં થોભાવી દે છે. આગળ વધીને કહું તો મારા દરેક ગમા અણગમા સાથે મને મારા ગમતા ગંતવ્ય સ્થાન ઉપર પહોંચાડવામાં આનંદભેદ ભાગીદાર બને છે.

નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

# કાર્મેલ બાય ધી સીટી જવાના હોવ તો આટલું ન કરતા !

આજે હું તમને અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યના કાર્મેલ બાય ધી સિટીની કાલ્પનિક સફરે લઈ જઉં છું. બોલ્યા ચાલ્યા વિના મૂંગા રહેજો. નહીંતર તમને દ્રશ્ય જોવાની મજા આવશે નહીં. બાળકોએ વાલીની હાજરીમાં આંખે પટી બાંધીને લેખ વાંચવો .
લો પ્રસુત છે રસપ્રદ સંવાદોથી ભરપૂર લેખ.
' હેય લેડી.' બેવોચ સિરિયલના મોચોમેન મરીન ગાર્ડ જેવા ચોકીદારે કહ્યું. વિદેશી ચોકીદાર અને દેશી ચોકીદાર વચ્ચે ફરક હોય છે. હાથી ઘોડા જેવો નહી્. પરંતુ, હાથી ગધેડા જેટલો. મૈં ચોકીદાર હૂં આવું લખવા એવું લખવામા ઈતિ શ્રી થતી નથી. આવા ચોકીદાર હોય તો પછી ચોરીચપાટી (ચોરીને ચપાટી સાથે ઘી અને આગ જેવો સંબંધ હશે એટલે ચોરીચપાટી કહેતા હશે? વ્હાય નોટ ચોરીપિત્ઝા?) કે પહેલગામ જેવા હુમલા થાય તેમાં શું નવાઈ?

' મીપ?' લેડીએ પૂછયું.
' યેસ, અહીં તારી સિવાય બોલ્ડ,બ્યુટીફૂલ એન્ડ ચાર્મિંગ કોઈ દેખાય છે? તું તારી સુંદરતા કયાં ચાર્જ કરે છે?'ચોકીદાર કહ્યું.ચોકીદાર ગુરખા જેવો નિરસ ન હતો.ફૂલ પર રસ ચૂસતા ભ્રમર જેવો રસિક હતો.

' થેંકસ બડી. આર યુ સિરિયસ? કે ફેંકમ્ ફેંક કરે છે.' લેડીનો સવાલ.

' આઈ એમ ડેમ શ્યોર એબાઉટ યુ. યુ લુકીંગ હોટ સ્ટફ. આઈ સ્વરે યુ.' ચોકીદારે કહ્યું. જો કે, દિલફેંક ચોકીદાર કેટલીયે કાતિલ કન્યાઓને કમ સે કમ કરોડ વાર આવું કહી ચૂક્યો હશે.જૂઠું બોલવામાં શું કામ કંજૂસાઈ કરવી?
' તું મને લાઈન મારે છે?' લેડી પણ તકનો લાભ લઈ રહી હતી.
' યેસ, ઓફ કોર્સ બેબી .બટ કમનસીબ હું ડયુટી પર છું.. ડયુટી સમયે બ્યુટીને પટાવી ન શકાય.' ચોકીદારે આંખ નચાવતા જવાબ આપ્યો.

' ડયુડ , કુ ડયુટી પર ન હોવ તો મારો ચાન્સ લાગે ખરો?' લેડીએ આંખ નચાવતા નોટી સ્ટાઈલમાં પૂછયું.
' હઅમ્ પણ યાદી લાંબું છે. જ્યારે વારો આવે ત્યારે ચાન્સ લાગી શકે.' ચોકીદારે સ્પષ્ટતા કરી.

' તે મને રોજ રોમિયોની જેમ કેમ રોકી?' પેલીએ કૃત્રિમ કડકાઈ દાખવી પૂછયું.
' મને તારી પર ડાઉટ છેપ' ચોકીદારે કહ્યું.

' વોટ ? શું હું ડ્રગ કેરી કરૂં છું?' પેલીએ અસમંજસમાં પૂછયુ.
' ડ્રગ બ્રગને છોડને. તું મેરીજુઆન જેવી માદક કાયા કેરી કરે છે.' ચોકીદારે પ્રસંશા કરી. લેડીના તનૂબદનમાં આગ ભભૂકી ગઈ.

' અરે નોટી બોય, મજાક છોડ. બી સિરિયસ. હું મને રોકવાનું કારણ જાણવા માંગું છું.' લેડી જરૂરથી લસણ ખાતી હશે એટલે હાથ ધોઈને કારણ જાણવા પાછળ પડી ગઈ.
' નો મિસપ' ચોકીદારે ના પાડવાની સાથે લેડીનું નામ પૂંછવા પેંતરો કર્યો.
' હું મિસ એલેકસા છું .' એલેકસાએ નામ કહ્યું.
' તું ગૂગલ મેપની નેવીગેટર એલેકસા જ છે? નાઈસ ટુ મિટ યુ બેબી.' ચોકીદારે હાથ મિલાવવા પોતાનો હાથ આગળ કર્યો.ચોકીદારના શર્ટના ખિસ્સાની ઉપર નેઈમ પ્લેટ હતી. તેના પર બ્રાસ મેટલથી ર્કવિંગ અક્ષરે જેમ્સ મસ્ક કોપ એવું લખ્યું હતું. જેમ્સ મસ્કયુલર મોચામેન હતો.

' યાહ.નાઈસ ટુ મિટ યુ જેમ્સ ' એલેકસાએ ઉષ્માથી હાથ મેળવ્યો.એલેકસાએ જેમ્સનો હાથ જોરથી દબાવ્યો.

' મારા કપડાં વાંધાજનક છે?' દરિયા કિનારે ફૂંકાતા પવનને લીધે એલેકસાના કપડાં ગુરુત્વાકર્ષણના નિયમથી વિપરીત એટલે કે નીચેથી ઉપર ઉડતા હતા? મેરેલિન મનરોના પ્રસિધ્ધ ફોટોની જેમ એ બે હાથથી ઉડતા કપડાંને સરખા કરવાની નાકામ કોશિશ કરતી હતી. હિન્દી ફિલ્મની હારોઈનની જેમ એલેકસા કપડાંની બાબતમાં દરિદ્ર હતી.જે મખમલી દેહને ઢાંકવા મલમલનો તાકો જોઈએ. જો કે, એલેકસાએ હેન્કી જેટલા કપડાંથી કામ ચલાવ્યું હતું. ખેર કપડાં એ તેની ચોઈસ કહેવાય.

' એઝ પર લો, નો પ્રોબ્લેમ ફોર યોર ડ્રેસ. ઈન ફેકટપ.'
જેમ્સે હોઠ પર જીભ ફેરવતા સૌંદર્યમલાઈને જવાબ આપ્યો.

' ઈન ફેકટ એટલે? કહેવા શું માંગે છે હની? ' એલેકસાએ કાતિલ અવાજે પૂછયું.

' હજુ વધારે લો હોય તો પણ નો પ્રોબ્લેમ.'જેમ્સે અસંતુલિત સ્વરે જવાબ આપ્યો.તેની નજર એલેકસાના દેહશિલ્પ પરથી બચતી ન હતી.

' બડી પ્રોબ્લેમ શું છે? મે કોઈ ટ્રાફિક રૂલ તોડ્યો છે. હું તો ચાલી રહી છું છતાં હેલ્મેટ પહેર્યું છે.' એલેકસા અકળાઈ ગઈ.
' તે હાય હિલ્સ સેન્ડલ કેમ પહેરી છે?' જેમ્સે પૂછયું.

' વોટ એ રબીશ કવેશ્ચન? છોકરી હાય હિલ સેન્ડલ ન પહેરે તો તારા જેવો ડયુડ હાય હિલના સેન્ડલ પહેરશે?' એલેકસાએ પ્રતિ પ્રશ્ન પૂછયો.

' તારા હાય હિલ સેન્ડલની હિલ કેટલા ઈંચની છે?' જેમ્સે હવે શિકાર પર ફોકસ કર્યો.

' કદાચ ત્રણ ઈંચ હશે. મેં માપી નથી.' એલેકસા ગૂંચવાઈ ગઈ.

' ત્રણ ઈંચની સેન્ડલ તારા માટે મુશ્કેલી સર્જી શકે છે.' જેમ્સે હોઠ ભીડીને કહ્યું.

' વોટ નોનસેન્સ . કાલે કદાચ તું બે બાય દોઢ ઈંચનો શ્વાસ લેવા કહીશ. છોકરીઓએ કેટલા ઈંચની હાય હિલ સેન્ડલ પહેરવી તે નક્કી કરવા સિવાય સરકાર પાસે બીજું કોઈ કામ નથી?' એલેકસાએ આકરા થઈ પૂછયું.
' લુક એલેકસા, આ નગરમાં મકાનોના નંબર નથી. અહીં સ્ટ્રીટ લાઈટ પણ નથી.એક સમયે અહીંના રસ્તા છોકરીના દિલ જેવા તૂટેલફૂટેલ હતા. કોઈક દેશમાં નવાનકોર બનેલ રસ્તામાં પેન ખુંપાવો તો ખુંપાવી શકાય તેટલા મજબૂત હતા તેવું મે સાંભળેલ છે. તે સમયે હાય હિલ્સ સેન્ડલ પહેરીને છોકરી નીકળે તો યુવાનોની કત્લ થવાની સાથે રોડની કત્લ થઈ જતી. એટલે સરકારે બે ઈંચથી વધુ હિલના સેન્ડલ પહેરવા પર મનાઈ ફરમાવેલ. જે આજે પણ ચાલું છે.' જેમ્સે હાય હિલ સેન્ડલ ન પહેરવાનો ઈતિહાસ કહી દીધો.

' ઓકે ડયુડ. આ સેન્ડલ તું પહેરજે. હું ખુલ્લા પગે શહેરમાં જઈશ.' એમ કહી એલેકસાએ હાય હિલ સેન્ડલ જેમ્સના હાથમાં થમાવી દીધા.

વાંચકો અમેરિકા જતા હોવ તો જાતજાતની કાળજી લેતા હશો. કાર્મેલ બાય ધી સીટી જવાના હોવ તો હાય હિલ સેન્ડલ ચરણકમળમાં ગ્રહણ કરવાના બદલે રામ ભગવાનની ચાખડી જેવી સપટલોશન ચંપલ પહેરીને જજો. નહીંતર ભોગ તમારા . બીજું શું હાંઆય્.

ભરત વૈષ્ણવ

# નિફ્ટ ગાંધીનગરના ડી–ખોજ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને ડિઝાઈન, નવાચાર અને સર્જનાત્મકતાની દુનિયા સાથે પરિચિત કરાયા



નિફ્ટ ગાંધીનગરે ડી–ખોજ નામના એક ઈમર્સિવ સમર ડિઝાઈન બૂટ કેમ્પનું આયોજન કર્યું, જેનો હેતુ ઉત્સાહી વિદ્યાર્થીઓને ડિઝાઈન શિક્ષણની રોમાંચક અને સતત વિકસતી દુનિયા સાથે પરિચિત કરાવવાનો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઓડિશા અને મધ્ય પ્રદેશના ૩૫થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો, જે યુવા શીખનારાઓમાં ડિઝાઈન આધારિત કારકિર્દી અને સર્જનાત્મક સમસ્યા નિવારણ પ્રત્યે વધતી જતી રસને પ્રતિબિંબિત કરે છે.

નિફ્ટ ગાંધીનગરના નિયામક ડૉ. સમીર સૂદના માર્ગદર્શન હેઠળ આયોજિત આ પહેલે ભાગ લેનાર વિદ્યાર્થીઓને ડિઝાઈન શિક્ષણના સર્જનાત્મક અને બહુવિષયક સ્વરૂપનો અનોખો અનુભવ મેળવવાની તક આપી. આવા કાર્યક્રમોના મહત્ત્વ પર પ્રકાશ પાડતા ડૉ. સમીર સૂદે જણાવ્યું કે આજના સમયમાં ડિઝાઈન શિક્ષણ પરંપરાગત કારકિર્દી માર્ગોથી ઘણું આગળ વધી ગયું છે અને ભવિષ્ય માટે તૈયાર વિચારો ધરાવતા, નવાચારક અને જટિલ વૈશ્વિક પડકારોનો સામનો કરી શકે તેવા સમસ્યા નિવારકોના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

નિફ્ટ ગાંધીનગરમાં ડિઝાઈનને માત્ર એક વ્યવસાય તરીકે નહીં પરંતુ વાસ્તવિક દુનિયાની જરૂરિયાતોને સમજવા, વિચારવા, સર્જવા અને તેનો પ્રતિસાદ આપવા માટેના એક દૃષ્ટિકોણ તરીકે જોવામાં આવે છે. પરિવર્તનકારી શૈક્ષણિક અનુભવ તરીકે કલ્પાયેલ ડી–ખોજે વિદ્યાર્થીઓને જિજ્ઞાસાથી આગળ વધીને વ્યાવસાયિક ડિઝાઈન શિક્ષણના જીવંત પરિસરનો પ્રથમહાથ અનુભવ મેળવવાની તક આપી. સુવ્યવસ્થિત કાર્યક્રમ માળખા દ્વારા વિદ્યાર્થીઓએ સમજ્યું કે સર્જનાત્મકતા, સંશોધન અને નવાચાર કેવી રીતે સાથે મળીને અર્થપૂર્ણ ડિઝાઈન ઉકેલો સર્જે છે.

બૂટ કેમ્પે ભાગ લેનારાઓને એક સક્રિય સ્ટુડિયો વાતાવરણ પૂરું પાડ્યું, જ્યાં તેમણે પ્રાયોગિક પ્રવૃત્તિઓ, ડિઝાઈન અન્વેષણ અભ્યાસો અને ફેકલ્ટી દ્વારા માર્ગદર્શિત સત્રોમાં ભાગ લીધો. પરંપરાગત વર્ગખંડ શિક્ષણથી આગળ વધીને વિદ્યાર્થીઓએ વિચાર નિર્માણ અને સંકલ્પનાથી લઈને પ્રયોગ, પ્રોટોટાઈપિંગ અને પ્રસ્તુતિ સુધીની સંપૂર્ણ ડિઝાઈન પ્રક્રિયાનો અનુભવ કર્યો. કાર્યક્રમે અવલોકન, સહકાર, તર્કસંગત વિચારશક્તિ અને સર્જનાત્મક અભિવ્યક્તિને પ્રોત્સાહન આપ્યું, જેના દ્વારા વિદ્યાર્થીઓને ડિઝાઈન થિંકિંગના વ્યવહારુ ઉપયોગોની સમજ મળી. ઈન્ટરએક્ટિવ વર્કશોપ્સ અને અનુભવાત્મક શિક્ષણ મોડ્યુલો દ્વારા વિદ્યાર્થીઓએ આધુનિક ડિઝાઈન પ્રેક્ટિસના બહુવિષયક સ્વરૂપ અને ડિઝાઈન ક્ષેત્રમાં ઉપલબ્ધ વિવિધ તકો વિશે મૂલ્યવાન જાણકારી મેળવી. ભાગ લેનારાઓએ ફેકલ્ટી માર્ગદર્શકો સાથે નજીકથી સંવાદ કર્યો અને સર્જનાત્મકતા, નવાચાર અને જિજ્ઞાસાની એવી સંસ્કૃતિનો અનુભવ કર્યો, જે નિફ્ટના શૈક્ષણિક પરિસરની વિશેષતા છે.

વિવિધ રાજ્યોમાંથી વિદ્યાર્થીઓની સફળ ભાગીદારી પશ્ચિમ ભારતમાં ડિઝાઈન શિક્ષણ અને પ્રતિભા વિકાસના અગ્રણી કેન્દ્ર તરીકે નિફ્ટ ગાંધીનગરની વધતી પ્રતિષ્ઠાને વધુ મજબૂત બનાવે છે. ડી–ખોજ જેવી પહેલો ભવિષ્યના ડિઝાઈનરો, નવાચારકો અને સર્જનાત્મક નેતાઓને ઘડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, કારણ કે તે તેમને ડિઝાઈન થિંકિંગ, સ્ટુડિયો આધારિત શિક્ષણ અને ઉત્પાદનો, સેવાઓ, અનુભવો તથા પ્રણાલીઓને આકાર આપવામાં ડિઝાઈનની પરિવર્તનકારી શક્તિનો પ્રારંભિક પરિચય કરાવે છે.



વસ્ત્રાપુર સ્થિત અંધજન મંડળ દ્વારા વરિષ્ઠ ટ્રસ્ટી શ્રીમતી સુનિતાબેન વત્સલભાઈ ઠાકોરનો ૯૦મો જન્મદિવસ ઉજવવામાં આવે છે. તેઓ છેલ્લા ૩૦ વર્ષથી સંસ્થાને માનદ સેવાઓ આપી રહ્યા છે. તેમના પતિ વિશ્વ બેંકમાં સલાહકાર હોવાથી, તેઓ ૧૭ વર્ષ સુધી વોશિંગ્ટનમાં રહ્યા અને દૃષ્ટિહીન વ્યક્તિઓ માટે નવીનતમ સેવાઓનું નિરીક્ષણ કર્યું. ભારત પાછા આવ્યા પછી, તેમણે અંધજન મંડળ અને તેના અન્ય બહેન ટ્રસ્ટને સ્વૈચ્છિક સેવાઓ આપવાનું નક્કી કર્યું. તેઓ વિદ્યાર્થીઓને આપવામાં આવતા ભોજનની ગુણવત્તા અને સ્વચ્છતા વગેરે સંબંધિત અન્ય પાસાઓનું ધ્યાન રાખે છે. ટ્રસ્ટીઓ, સ્ટાફ અને સ્વયંસેવકોએ મ્ઁછ ને આપેલા તેમના ઉત્કૃષ્ટ સમર્થનની ખૂબ પ્રશંસા કરી. તેમના પુત્ર, સુદીપ અને તેમના પરિવાર; તેમની પુત્રી, સોનાલી અને તેમના પરિવાર મ્ઁછ ને નાણાકીય સહાય પૂરી પાડી રહ્યા છે. બ્લાઈન્ડ માટે સંગીત શાળા સંપૂર્ણપણે તેમના પરિવારના નાણાકીય સહાયથી ચલાવવામાં આવી રહી છે.

# ડાકોર નગરપાલિકા ની બેદરકારી,ચીફ ઑફિસરનું ભેદી મૌન....

યાત્રાધામ ડાકોરમાં પીવાના પાણી તથા પેશાબ ખાના વિના યાત્રિકોને ભારે હાલાકી.

ડાકોર નગરપાલિકા દ્વારા ચાર જગ્યાએ એટીએમ વોટર કુલર મશીન ચાર વર્ષ પહેલા મૂકવામાં આવ્યા છે પણ અત્યારે કેટલાય સમયથી બંધ હાલતમાં છે અને પાણી પણ આવતું નથી.

ડાકોર નગરપાલિકા દ્વારા ભાથીજી મંદિર થી પ્રમોદ દેસાઈના ઘર સુધી ગટર લાઈન તથા આરસીસી રોડ બનાવવાનું કામ ચાલુ કરવામાં આવ્યું હતું પણ છેલ્લા કેટલાય દિવસથી ગટરની કુંડીઓ બનાવી પછી કામ અધૂરો રાખવામાં આવ્યું છે યાત્રિકો તથા નાગરિકોને ભારે હાલાકી પડી રહી છે જો વરસાદ આવી જશે તો નાગરિકોને ભારે મુશ્કેલી પડશે.

: ડાકોર નગરપાલિકા દ્વારા લવલી પાન સેન્ટર ની સામે વિશ્વકર્મા મંદિર સામે કંકુ દરવાજા બહાર ગૌશાળા સામે પેશાબ ખાના હતા તે તોડી નાખવામાં આવ્યા છે કંકુ દરવાજા બહાર ગૌશાળા સામે પેશાબ ખાનનું બનાવવાનું કામ ચાલુ કરવામાં આવ્યો પણ કેટલાય સમયથી કામ અધૂરો મૂકવામાં આવ્યું છે પેશાબ ખાનાના અભાવે બહારથી આવતા યાત્રીકો તથા નાગરિકોને ભારે હાલાકી પડી રહી છે નગરપાલિકા તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી

# ગળતેશ્વર તાલુકાના પાલી ગામે હઝરત સુલતાન બાદશાહ બાવા ર.હ.નો ૫૧મો ઉર્સે પાક અકીદત અને એહતેરામ સાથે ઉજવાયો



ગળતેશ્વર તાલુકાના પાલી ગામે હઝરત સુલતાન બાદશાહ બાવા ર.હ. નો ૫૧મો ઉર્સે પાક અકીદત, મહોબ્બત અને રૂહાનિયતભર્યા માહોલમાં ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ મુબારક મૌકા પર ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી હજારોની સંખ્યામાં આશિકો, અકીદતમંદો, મુરીદીન અને ઝાયરીનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ઉર્સે પાકમાં સૈયદ કલન્દર બાવા, સૈયદ રોહાન બાવા કાદરી, સૈયદ તન્વીર બાવા (ભરૂચ), સૈયદ સિકંદર બાવા તેમજ સૈયદ સખી બાવા સહિતના અહલે દિલ બુઝુર્ગોની ખાસ હાજરી રહી હતી. મહેફિલ દરમિયાન મૌલાના કમરુદ્દીન સાહેબ દ્વારા નાતે પાકની મહેફિલ સજાવવામાં આવી હતી તેમજ અસરકારક તકરીર દ્વારા હઝરતના જીવનચરિત્ર, તસવ્વુફ અને ઈન્સાનિયતના પૈગામ પર રોશની પાડવામાં આવી હતી. ત્યારબાદ મૌલાના હાજી તાજુદ્દીન સાહેબ દ્વારા મુલ્કમાં અમન, સલામતી, ઈત્તેહાદ અને સમગ્ર ઉમ્મત તથા ઈન્સાનિયતની ભલાઈ માટે ખાસ દુઆ ફરમાવવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું નિઝામત (સંચાલન) શેખ અલ્લારખા (કેમ્બલ) વાડદવાળા દ્વારા ખૂબ જ સુંદર અંદાજમાં અંજામ આપવામાં આવ્યું હતું.

ઉર્સે પાક નિમિત્તે સૈયદ કલન્દર બાવા અને તેમના અહલે ખાના દ્વારા ભવ્ય ન્યાઝે આમ નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં હજારોની સંખ્યામાં હાજર રહેલા આશિકો અને ઝાયરીનોએ ન્યાઝમાં શિરકત કરી બરકતો હાસિલ કરી હતી.

સમગ્ર ઉર્સે પાકનો કાર્યક્રમ મહોબ્બત, અખ્લાક, ભાઈચારા અને ગંગા-જમુની તહઝીબનું સુંદર પ્રતીક બની રહ્યો હતો. આ પવિત્ર મહેફિલે કોમી એકતા, ઈન્સાનિયત અને સૂફી પરંપરાના અઝીમ પૈગામને વધુ મજબૂત બનાવ્યો હતો.

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની એસ.ટી.બસમાં મુસાફરી



રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ બે દિવસીય ‘ગ્રામ કલ્યાણ કાર્યક્રમ‘માં સહભાગી થવા માટે ગાંધીનગરથી સાબરકાંઠા જિલ્લાના કેશરગંજ ગામ સુધીની મુસાફરી ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (એસ.ટી.)ની બસમાં કરી હતી.

શ્રી આચાર્ય દેવવ્રતજીએ આ મુસાફરી દરમિયાન સહ-મુસાફરો સાથે આત્મીયતાપૂર્વક સંવાદ કર્યો હતો.નોંધનીય છે કે, સાબરકાંઠાના કેશરગંજ ગામે રાજ્યપાલ મહોદય બે દિવસીય ગ્રામ કલ્યાણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

## હવે દરેક જગ્યાએ અલગ-અલગ એફિડેવિટની માથાકૂટનો અંત, સમગ્ર ગુજરાતમાં એક જ ‘યુનિવર્સલ એફિડેવિટ’ માન્ય ગણાશે

ગુજરાતમાં સરકારી સેવાઓ મેળવવા માટે નાગરિકોને વારંવાર જુદા-જુદા લખાણવાળા એફિડેવિટ કરાવવાની પડતી મુશ્કેલીઓનો અંત લાવવા માટે ગુજરાત સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યમાં નાગરિક સેવાઓને વધુ સરળ અને પારદર્શક બનાવવાના ભાગરૂપે કાયદા વિભાગેરાજ્યવ્યાપી સ્વીકાર્ય “યુનિવર્સલ એફિડેવિટ”નું નવું ફોર્મેટ જાહેર કર્યું છે.હવેથી જે સેવાઓમાં કાયદા કે નિયમ મુજબ સોગંદનામું જરૂરી હોય પરંતુ કોઈ ચોક્કસ ફોર્મેટ નક્કી ન હોય, ત્યાં આ એક જ સમાન ફોર્મેટ સમગ્ર રાજ્યમાં માન્ય રાખવામાં આવશે.

અત્યાર સુધી રાજ્ય સરકારના અલગ-અલગ વિભાગો દ્વારા અપાતી વિવિધ વ્યક્તિલક્ષી સેવાઓ, દાખલાઓ કે યોજનાઓનો લાભ લેવા માટે અરજદારોએ અનેક પ્રકારના જુદા-જુદા સોગંદનામાં રજૂ કરવા પડતા હતા. દસ્તાવેજોમાં આ પ્રકારની વિવિધતાને કારણે બિનજરૂરી જટિલતા ઊભી થતી હતી અને સામાન્ય જનતાનો સમય વેડફાતો હતો તેમજ વહીવટી પ્રક્રિયામાં વિલંબ થતો હતો. નાગરિકોને આ હાલાકીમાંથી મુક્તિ આપવા માટે સરકારે આ વહીવટી સુધારો કર્યો છે.

આ નવું યુનિવર્સલ એફિડેવિટ તમામ જિલ્લા, તાલુકા, ગ્રામ્ય તેમજ શહેરી સ્તરે કાર્યરત તમામ સરકારી કચેરીઓ, સેવા કેન્દ્રો અને સત્તાધિકારીઓ દ્વારા ફરજિયાતપણે સ્વીકારવામાં આવશે. ડિજિટલ ગુજરાત પોર્ટલ તેમજ તમામ જન સેવા કેન્દ્રો ખાતે પણ આ એફિડેવિટનો સમાન રીતે અમલ શરૂ થશે, જેથી ઓનલાઈન અરજી કરનારાઓને મોટી સુવિધા મળશે.સરકારે સ્પષ્ટ કર્યું છે કે, જે સેવાઓ માટે કાયદાકીય રીતે એફિડેવિટ કરવાની કોઈ જરૂરિયાત નક્કી થયેલી નથી, તેવી સેવાઓમાં સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ મુજબ એફિડેવિટના સ્થાને માત્ર ‘સ્વઘોષણા‘ની સરળ પ્રક્રિયા પૂર્વનિર્ધારિત રીતે જ ચાલુ રહેશે. ત્યાં સોગંદનામું ફરજિયાત કરવામાં આવ્યું નથી.કાયદા વિભાગ દ્વારા જારી કરાયેલા આ સત્તાવાર ફોર્મેટને નાગરિકોની સરળતા માટે ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષાઓમાં તૈયાર કરવામાં આવ્યું છે.

# બ્રાહ્મણ સોની સમાજ (પાંચ પટ્ટી)ઢીમા ખાતે સ્નેહ મિલન આયોજન અંગે મિટિંગ યોજાઈ



ઢીમા ખાતે શ્રી બ્રાહ્મણ સોની સમાજ ધર્મશાળામાં સમાજના સ્નેહ મિલન કાર્યક્રમના આયોજન અંગે એક મહત્વપૂર્ણ મિટિંગ યોજાઈ હતી. મિટિંગમાં સમાજના વડીલો, આગેવાનો તથા યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મિટિંગ દરમિયાન સમાજમાં એકતા, સંગઠન અને પરસ્પર સ્નેહ વધે તે હેતુથી સ્નેહ મિલન કાર્યક્રમ યોજવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ઉપસ્થિત સભ્યોએ પોતાના સૂચનો, અભિપ્રાયો અને વિચારો રજૂ કર્યા હતા. સમાજના વિકાસ, યુવાનોની ભાગીદારી, વડીલોના માર્ગદર્શન તથા આગામી પેઢીને સમાજ સાથે જોડવા જેવા મુદ્દાઓ પર વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો.

વક્તાઓએ જણાવ્યું હતું કે સ્નેહ મિલન માત્ર એક કાર્યક્રમ નહીં પરંતુ સમગ્ર સમાજને એક સૂત્રમાં બાંધવાનો પ્રયાસ છે. કાર્યક્રમ દ્વારા સમાજના વિવિધ વિસ્તારોમાં વસતા પરિવારો વચ્ચે પરિચય અને સંબંધો વધુ મજબૂત બનશે.

મિટિંગ અંતે ઉપસ્થિત તમામ સભ્યોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો અને આગામી સ્નેહ મિલન કાર્યક્રમને સફળ બનાવવા સૌએ સહકાર આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat